# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા મકાઈની વૈજ્ઞાનિક ખેતી અંતર્ગત ખેડૂત તાલીમ યોજાઈ.

પંચમહાલ જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા અત્રેના કેન્દ્ર ખાતે તા.૧૮-૧૯/૦૨/૨૦૨૦ ના રોજ "મકાઈની વૈજ્ઞાનિક ખેતી" અંગે ફાઉન્ડેશન ફોર ઇકોલોજિકલ સેક્યુરિટી (એફ.ઈ.એસ), દાહોદ દ્વારા મહીસાગર જિલ્લાના ૬૭ જેટલા ખેડૂત-મિત્રો માટે તાલીમનું આયોજન કરેલ હતું.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખુબ જ અગત્યનું હોઈ આ તાલીમ કાર્યક્રમમાં અત્રેના ડો.એમ.બી.પટેલ, યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા મકાઈની મૂલ્યવર્ધિત તથા સંકર અને સંયોજિત જાતો અંગેની માહિતી આપવામાં આવી તેમજ ડો.પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (બ્રિડિંગ) એ મકાઈમાં બીજ ઉત્પાદન અને સીડ વિલેજ પ્રોગ્રામની માહિતી આપેલ હતી.

શ્રી.કે.એચ.પટેલે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો) દ્વારા મકાઈમાં રસાયણિક ખાતરનો જુદી-જુદી અવસ્થા દરમ્યાન વપરાશ અંગે સચોટ માર્ગદર્શન આપેલ હતું અને વૈજ્ઞાનિક અને નફાકારક ખેતી પદ્ધતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. ડો.એચ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટકશાસ્ત્ર) દ્વારા મકાઇમાં આવતી નવીન જીવાત લશ્કરી ઇયળની ઓળખ અને તેનું સંકલિત નિયંત્રણ વિષે વિસ્તૃતમાં માહિતી આપી તેમજ ડો.એસ.કે.સિંઘ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (રોગશાસ્ત્ર) દ્વારા મકાઇ પાકમાં આવતા રોગો વિષે અને તેના નિયંત્રણ વિષે ખેડૂત-મિત્રોને માહિતગાર કર્યા હતા.

શ્રી.ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી.ડી.એમ.રાઠોડે કરેલ હતું અને ખેડૂત મિત્રો ના પ્રશ્નોનું પણ નિરાકરણ કરવામાં આવેલ હતું.

